સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ
શ્રી કૃષ્ણ જન્માષ્ટમી

જન્માષ્ટમીઃ આનંદ, ભક્તિ મહોત્સવ

ઓરતીય સંસ્કૃતિમાં અનેક પર્વો માત્ર ઉજવણી પૂરતા સીમિત નથી, પરંતુ તેમની પાછળ ઊંડો આધ્યાત્મિક અને જીવનદર્શી સંદેશ છુપાયેલો છે. આવું જ એક પવિત્ર પર્વ છે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી. ભગવાન શ્રીકૃષ્ણના અવતરણનો આ પાવન દિવસ ભક્તિ, આનંદ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ચેતનાથી ભરપૂર હોય છે. સમગ્ર દેશમાં લોકો ઉપવાસ, પૂજા, ભજન-કીર્તન અને શ્રીકૃષ્ણની બાળલીલાઓનું સ્મરણ કરીને જન્માષ્ટમીની ઉજવણી કરે છે.

શ્રીકૃષ્ણનો જન્મ ભાદરવા પહેલાંના શ્રાવણ વદ આઠમના પવિત્ર દિવસે, મધ્યરાત્રિના સમયે મથુરાની જેલમાં થયો હતો એવી પૌરાણિક માન્યતા છે. તે સમય અત્યાચાર અને અધર્મનો હતો. કંસના આતંકથી પ્રજા ત્રસ્ત હતી. આવી પરિસ્થિતિમાં શ્રીકૃષ્ણનો જન્મ માત્ર એક દિવ્ય ઘટના નહોતો, પરંતુ અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક હતો. તેથી જ જન્માષ્ટમી આપણને યાદ અપાવે છે કે અંધકાર ગમે તેટલો ઘેરો હોય, સત્ય અને ધર્મનો પ્રકાશ અંતે પ્રગટે જ છે.

શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન અનેક રંગોથી ભરેલું છે. ગોકુળની ગલીઓમાં માખણચોર તરીકેની તેમની બાળલીલાઓ હોય કે ગોપીઓ સાથેનો નિર્મળ પ્રેમભાવ, કાલિયનાગનું દમન હોય કે ગોવર્ધન પર્વત ધારણ કરવાની લીલા, દરેક પ્રસંગમાં કોઈને કોઈ આધ્યાત્મિક સંદેશ રહેલો છે. શ્રીકૃષ્ણનું બાળસ્વરૂપ આપણને નિર્દોષતા અને આનંદ શીખવે છે, જ્યારે તેમનું યુવા અને રાજકીય જીવન આપણને બુદ્ધિ, નીતિ અને જવાબદારીનું મહત્ત્વ સમજાવે છે.

જન્માષ્ટમીની ઉજવણીમાં મધ્યરાત્રિનું વિશેષ મહત્ત્વ છે. મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિને સુંદર રીતે શણગારવામાં આવે છે. ભક્તો રાત્રે બાર વાગ્યે શંખનાદ, ઘંટારવ અને જયઘોષ સાથે શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરે છે. ક્યાંક મટકી ફોડના કાર્યક્રમો યોજાય છે, તો ક્યાંક બાળગોપાલની ઝાંખીઓ અને રાસ-ગરબાનું આયોજન થાય છે. ઘરોમાં પણ લાડુ ગોપાલને નવા વસ્ત્રો પહેરાવીને વિશેષ પૂજા કરવામાં આવે છે.

શ્રીકૃષ્ણની બાળલીલાઓ ભક્તિ, પ્રેમ અને નિર્દોષ આનંદથી ભરપૂર છે. તેમના બાળપણનો મોટાભાગનો સમય ગોકુળ અને વૃંદાવનમાં વિત્યો હતો. યશોદા માતા અને નંદબાબાના લાડકા કાનુડાની નાની-નાની લીલાઓ આજે પણ ભક્તોના હૃદયમાં વસે છે.

કહેવાય છે કે શ્રીકૃષ્ણને માખણ અને દૂધ ખૂબ પ્રિય હતાં. તેઓ પોતાના મિત્રો સાથે ગોપીઓના ઘરમાંથી માખણ ચોરીને ખાતા અને મિત્રો સાથે વહેંચતા. તેથી તેમને પ્રેમથી 'માખણચોર' અને 'નંદલાલ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

> કૃષ્ણના મુખમાં સમગ્ર બ્રહ્માંડનાં દર્શન થયાં એવી ભાગવત કથા છે. આ લીલા શ્રીકૃષ્ણના દિવ્ય સ્વરૂપનો સંકેત આપે છે

ધર્મરંગ
વ્યોમા સેલર

ગોપીઓ તેમની ફરિયાદ યશોદા માતા પાસે કરતી, પરંતુ કાનુડાની નિર્દોષ મુસ્કાન જોઈને સૌનો ગુસ્સો ઓગળી જતો. એક પ્રસંગમાં યશોદા માતાએ કૃષ્ણના મોઢામાં માટી ખાવાની ફરિયાદ સાંભળીને તેમનું મોઢું ખોલાવ્યું. ત્યારે તેમને કૃષ્ણના મુખમાં સમગ્ર બ્રહ્માંડનાં દર્શન થયાં અને આ ભાગવત કથા છે. આ લીલા શ્રીકૃષ્ણના દિવ્ય સ્વરૂપનો સંકેત આપે છે.

વૃંદાવનમાં શ્રીકૃષ્ણે ગોપાલ મિત્રો સાથે ગાયો ચરાવી, વાંસળી વગાડી અને અનેક દિવ્ય લીલાઓ કરી. તેમણે કાલિય નાગનું દમન કરીને યમુનાને તેના ઝેરથી મુક્ત કરી. તેમજ ગોકુળવાસીઓને ભારે વરસાદથી બચાવવા ગોવર્ધન પર્વત પોતાની નાની આંગળી પર ધારણ કર્યો. શ્રીકૃષ્ણની બાળલીલાઓ આપણને શીખવે છે કે જીવનમાં નિર્દોષતા, પ્રેમ, મિત્રતા અને આનંદ જાળવી રાખવા જોઈએ. તેમની દરેક લીલામાં ભક્તિ સાથે કોઈને કોઈ ઊંડો આધ્યાત્મિક સંદેશ છુપાયેલો છ

વિચિત્ર અને વિશિષ્ટ 'પ્રસાદ' ગાથા..

'પ્રસાદ' એ સનાતની ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલ અવિભાજ્ય પ્રક્રિયા છે. દેવ-દેવીઓના પાઠ, પૂજા, કથા, વ્રતો, હવન-યજ્ઞો ઈત્યાદિ ધર્મકાર્યોમાં પ્રસાદ ધરાવવાની અને પ્રસાદ વહેંચવાની એક પરંપરા રહી છે. પ્રસાદ આરોગતી વખતે ઈશ્વરના સ્મરણ સાથે મનમાં સારા ભાવો પ્રગટે છે. શરીર પવિત્ર થાય છે. પદ્મપુરાણ અને વિષ્ણુપુરાણ અનુસાર ભગવાનને ધરાવેલ ભોગ પ્રસાદ બની જાય છે કારણ કે ઈશ્વરને ધરાવેલ અન્નમાં તેમની દિવ્ય ઊર્જા અને સ્પંદનો ભળે છે અને એ ગ્રહણ કરવાથી મનુષ્યના પાપો અને નકારાત્મકતા દૂર થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય-૨નાં શ્લોક-૬૫માં જણાવ્યું છે કે

પ્રસાદે સર્વદુઃખાના હાનિરસ્યોપજાયતે ।
પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે॥

અર્થાતઃ પ્રસાદ થકી મનની પ્રસન્નતા પ્રાપ્ત થવાથી મનુષ્યના ચિત્ત દુઃખો દૂર થાય છે અને આવી પ્રસન્ન ચિત્ત વાળી વ્યક્તિની બુદ્ધિ સ્થિર થાય છે.

પ્રસાદની વ્યાખ્યામાં કોઈ ચોક્કસ વસ્તુ નથી પણ ભાવપૂર્ણ ઈશ્વરને ધરાવાયેલ અન્ન કે વસ્તુને આપણે પ્રસાદ તરીકે જ સંબોધીએ છીએ. ક્યાંક એમાં પૌરાણિક તથ્ય હોય છે તો ક્યાંક ઐતિહાસિક પરંપરા જોડાયેલી હોય છે. હનુમાનજીને મંદિરે શ્રીફળ જ વધેરવાની પરંપરા છે તો ભગવાન સત્યનારાયણની કથામાં બીજા પ્રસાદ હોય શકે પણ રવાનો શીરો તો અવશ્ય હોય જ, સ્વામિનારાયણ મંદિરે જાઓ તો મગસના લાડુ જ પ્રસાદમાં મળે એવી રીતે તિરૂપતિ જાઓ તો વિશિષ્ટ પ્રકારના બેસન, કિસમિસ, માખણ, કાજુ અને ઈલાઈચી યુક્ત લાડુનો પ્રસાદ લેવાનું આપણે ચુકતા નથી. અંબાજી ખાતે દર્શને જઈએ તો મોહનથાળનો પ્રસાદ ત્યાંની વિશેષતા રહી છે. મહુડી જૈન તીર્થ છે ત્યાં સુખડીનો પ્રસાદ ધરાવવાની પરંપરા છે અને દ્વઢ માન્યતા પણ એવી છે કે પ્રસાદ મંદિરમાં આરોગી લેવો પડે, મંદિરની બહાર નથી લઈ જઈ શકાતો. સુરત જિલ્લાના મોટામિયાં, માંગરોળ ખાતે જલેબી હનુમાનજીનું મંદિર છે જ્યાં ભક્તો મનોકામનાની પૂર્તિ માટે ગરમાગરમ જલેબી પ્રસાદ તરીકે ધરાવે છે સ્વાસ્થ્ય સંબંધિત, વિવાહને સ્પર્શતી કે વિદેશ જવાના વિઝા ત્વરિત મેળવવા શ્રધ્ધાળુઓ વિશેષ કરીને અહીં જલેબીનો પ્રસાદ ચઢાવે છે.

> સંસ્કૃતિ દર્શન
> સનત દવે

વિદેશ જવા માટે વિઝા મેળવવાની વાત આવે તો અમદાવાદના વિઝા હનુમાન તરીકે પ્રખ્યાત મંદિરને કેમ ભુલાય?! અમદાવાદના ખાડિયા વિસ્તારમાં આવેલ આ મંદિરમાં વિદેશ જવા ઈચ્છુકો પાસપોર્ટ કે વિઝા સંબંધિત કાગળોની નકલ હનુમાનજી સામે રાખીને પૂજા કરે છે. સદીઓ જુના આ મંદિરમાં શનિવારે અને મંગળવારે આવા ઈચ્છુકો અને વિદ્યાર્થીઓની ખૂબ ભીડ જોવા મળે છે. જો કે વિદેશ જવા પંજાબના ઈચ્છુકો જાલંધરમાં આવેલ ગુરૂદ્વારામાં રમકડાંનાં વિમાનો ચઢાવે છે. હવાઈ જહાજ ગુરૂદ્વારા તરીકે ઓળખાતા આ શીખ લોકોના ધર્મસ્થાનમાં વિમાનો ચઢાવવાથી વિઝા જલ્દી મળી જાય છે તેવી માન્યતા છે. આવી માન્યતાઓ સાથે વિચિત્ર અને વિશિષ્ટ પ્રકારના ખાદ્ય અને જડ તત્વો ચઢાવવાની પરંપરાના અનેક ઉદાહરણ જોવા મળે છે. મુખ્ય તો લોકોની શ્રધ્ધા છે. આપણે વારંવાર વાંચતા-સાંભળતા આવ્યા છીએ કે શ્રધ્ધા હોય ત્યાં પુરાવાની જરૂર નથી હોતી.

રાજસ્થાનના જોધપુર-પાલી હાઈવે પર આવેલ ઓમ બન્ના (બુલેટબાબા) ના મંદિરમાં શ્રધ્ધાળુઓ રોયલ એનફીલ્ડ બુલેટ મોટરસાયકલને દારૂ ચઢાવી પૂજા કરે છે અને સુરક્ષિત પ્રવાસની દુઆ કરે છે. એવું એક ભોપાલના સિદ્ધદાત્રી મહાકાળી મંદિરમાં ભક્તો માતાજીને ચંપલ અને સેન્ડલ ચઢાવે છે. અહીં ભક્તો અને પૂજારી માતાજીને દીકરી તરીકે પૂજે છે તેથી દીકરીને ખુલ્લા પગે ના રખાય તેમ સમજી ચંપલ, સેન્ડલ, ચશ્મા ચઢાવવાની માન્યતા છે. જો કે મંદિરના સંચાલકો આવા એકત્ર થયેલ ચંપલ-સેન્ડલો જરૂરિયાતમંદોને પ્રસાદરૂપે વહેંચી દે છે. ઉત્તર પ્રદેશના જોનપુરમાં આવેલ બ્રહ્મબાબા મંદિરમાં લોકો મનોકામના પૂર્ણ થાય એટલા માટે નાની-મોટી દિવાલ ઘડીયાલ ચઢાવી જાય છે. અહીં એકવાર એક ટ્રક ડ્રાઈવર દર્શને આવેલ અને તેની પાસે નવી લીધેલી એક દિવાલ ઘડીયાલ હતી તો તે મંદિરમાં આપી દીધી અને માનેલી માનતા પુરી થતાં જ લોકોમાં ઘડીયાલ ચઢાવવાથી માનતા પુરી થાય છે તેવી પરંપરા શરૂ થઈ ગઈ. મંદિરના સંચાલકો પણ આવી ઘડીયાલો સ્કુલો, હોસ્પિટલ કે જરૂરિયાતવાળા આર્થિક નબળા લોકોને પ્રસાદરૂપે આપી દે છે. કેરળના થ્રિસુરના મઝુવનચેરી મહાદેવ મંદિરમાં શૈક્ષણિક CD-DVD, પાઠ્યપુસ્તકો અને જ્ઞાનવર્ધક સાહિત્ય લોકોને પ્રસાદરૂપે આપે છે. મંદિરનું ટ્રસ્ટ એવું માને છે કે જ્ઞાનનું દાન એ જ શ્રેષ્ઠ પ્રસાદ છે. તામિલનાડુના વૈથીશ્વરન કોઈલ ખાતેના મંદિરમાં ભગવાન શિવની રોગનાશન સ્વરૂપની પૂજા થાય છે. અહીં પૂજારી અહીના રાફડામાંથી પવિત્ર માટીને ઔષધીય પ્રસાદ તરીકે આપવામાં આવે છે જે ખાવાથી રોગો મટે છે એવી લોકોમાં માન્યતા છે. સુરતમાં અને ગોંડલમાં મામાદેવના મંદિરો આવેલા છે ત્યાં માનતા તરીકે સિગારેટ ચઢાવવામાં આવે છે. શ્રીમંત શ્રધ્ધાળુ હોય તો માર્લબોરો અને ડનહીલ જેવી મોંઘી સિગારેટ પણ ચઢાવે છે. પાટણ-મોઢેરા



> પદ્મપુરાણ અને વિષ્ણુપુરાણ અનુસાર ભગવાનને ધરાવેલ ભોગ પ્રસાદ બની જાય છે કારણ કે ઈશ્વરને ધરાવેલ અન્નમાં તેમની દિવ્ય ઊર્જા અને સ્પંદનો ભળે છે અને એ ગ્રહણ કરવાથી મનુષ્યના પાપો અને નકારાત્મકતા દૂર થાય છે

વચ્ચે એક પાણીની બોટલવાળુ મંદિર આવેલ છે. એવી માન્યતા છે કે અહીં કાર અને રિક્ષા વચ્ચે અકસ્માતમાં છ લોકો મૃત્યુ પામેલા જેમાં બે બાળકો મૃત્યુ સમયે તરસથી પાણી માંગતા હતાં. ગામલોકોએ એમની યાદમાં મંદિર બનાવીને પાણીની બોટલ ધરાવવાની પરંપરા ચાલુ કરી. તેમને ધરાવેલ પાણીને પ્રસાદરૂપે લોકો લઈ જાય છે અને તેનાથી ઘણાબધા રોગો દૂર થાય છે તેવું માને છે, પૌરાણિક કે ધાર્મિક મહાત્વતા નહીં ધરાવતા પણ ઐતિહાસિક કથા અને શ્રધ્ધા પર નિર્માણ થયેલા આવા નાના-મોટા અનેક મંદિરો ભારતમાં જોવા મળે છે. આવા મંદિરોના અનુસંધાને જ વિશિષ્ટ પ્રકારના ખાદ્યપદાર્થો પ્રસાદરૂપે ધરાવાતા મંદિરોનો ઉલ્લેખ પણ રસપ્રદ છે.

કોલકતાના ટાંગરા વિસ્તારમાં આવેલું એક મંદિરમાં સ્થાનિક ચીની સમુદાય દ્વારા પૂજા થાય છે અને અહીં આ ચાઈના ટાઉન કાલી મંદિરમાં ફ્રાઈડ નૂડલ્સ, ચોમીન, મંચુરિયન અને એવી ચાઈનીઝ વાનગીઓ (પણ સંપૂર્ણ વેજ) ચઢાવવામાં આવે છે. ઉજ્જૈનના એક વિખ્યાત કાળભૈરવ મંદિરમાં ભક્તો ભગવાનને જુદી-જુદી બ્રાન્ડનો દારૂ ચઢાવવામાં આવે છે અને પ્રસાદરૂપે થોડો પાછો પણ અપાય છે. કેરળના આલેપ્પીમાં આવેલા મુરુગન સ્વામી મંદિરમાં બાળકોના સારા સ્વાસ્થ્ય માટે ભગવાનને નેસલે મુંચ ચોકલેટ અર્પણ કરાય છે. તો તામિલનાડુના કાંચીપુરમના વરદરાજ પેરુમલ મંદિરમાં વાંસની ટોપલીમાં બાફેલી ગરમાગરમ ઈડલી શ્રધ્ધાળુઓને પ્રસાદ તરીકે અપાય છે અને એ રીતે મદુરાઈના અઝગર કોયલ મંદિરમાં કાળી અડદની દાળ અને ચોખામાંથી બનેલા ઘીથી લથબથ ક્રિસ્પી ગરમાગરમ ઢોંસા ભગવાન વિષ્ણુને ધરાવીને ભક્તોને પ્રસાદ તરીકે વહેંચાય છે.

કેરળના વધુ એક કોટ્ટુંગલ્લુર ભગવતી મંદિરમાં તો ભરણી ઉત્સવ દરમ્યાન હળદર, મરચુ, મરી-મસાલા અને અનાજ અર્પણ કરવાની પરંપરા છે. માતાજીનો ક્રોધ શાંત કરવા સ્થાનિક લોકોમાં આ પરંપરા ચાલી આવે છે. મરી-મસાલાની વાત થઈ તો વડતાલમાં દર વર્ષે શિયાળામાં લીંબુ-મરચાના અથાણાના પ્રસાદને કેમ ભુલાય...?વડતાલના સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરમાં દર વર્ષે શિયાળામાં લગભગ દોઢ લાખ કિલોગ્રામ લીંબુ-મરચાનું અથાણું બને છે અને ભક્તો પ્રસાદ સ્વરૂપે લઈ પણ જાય છે. સુરતના પાર્લે-પોઈન્ટ વિસ્તારના ખોડિયાર માતા મંદિરમાં ગાંઠિયા ચઢાવવાની પ્રથા છે. નાના બાળકોને ખાંસી-ઉધરસ થયા હોય ત્યારે ગાંઠિયા ચઢાવવાની માનતા લેવાતી હોય છે. કોરોના વખતે અહીં ખૂબ લોકોએ આવી માનતાઓ લીધેલી. એ જ પ્રકારે ભાઠેના ખાતે આવેલ જીવંતિકામાતાના મંદિરે બાળકોના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી ચોકલેટનો પ્રસાદ ધરાય છે અને બાળકોમાં પ્રસાદ વહેંચાય છે. કાનના રોગ મટે તે માટે સુરતના પૌરાણિક રામનાથ ઘેલા મહાદેવ મંદિરમાં જીવતા કરચલા ચઢાવવાની એક પ્રથા છે તો ડાકોરમાં રણછોડરાયજીને તળેલા બટાટાના ગોટા ચઢાવવાની પ્રથા બહુ જાણીતી છે. દેવી-દેવતાઓને ખાદ્ય અન્ન પ્રસાદરૂપે ધરીયે કે પછી જડ પદાર્થો ધરીએ પણ તેમાં શ્રધ્ધા અને વિશ્વાસ હોવો જરૂરી છે.

સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ
શ્રી કૃષ્ણ જન્માષ્ટમી

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૭૮

ભગવાનનો બાળકો અને વાછરડાઓના રૂપમાં વિસ્તાર

ભગવાન શ્રીકૃષ્ણ જ્ઞાની સંતો માટે સ્વયં બ્રહ્માનંદનો મૂર્તિમાન અનુભવ છે. દાસ્યભાવયુક્ત ભક્તો માટે તેમના આરાધ્ય (સેવ્ય) દેવ પરમ ઐશ્વર્યશાળી પરમેશ્વર છે અને માયામોહિત પ્રાકૃત પુરૂષો માટે માત્ર એક બાળક છે. જ્યારે બ્રહ્માજીએ વાછરડાઓ અને બાળકોનું અપહરણ કર્યું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે બ્રહ્માજીને પણ પ્રમાણ મળી જાય કે સર્વોચ્ચ તમે નથી પરંતુ હું છું તે હકીકત સમજાવવા માટે પોતાની સર્વોચ્ચતા ભતાવવાનો મનોમન નિશ્ચય કર્યો અને તરત જ વાછરડાઓ અને બાળકોના રૂપમાં પોતાનો વિસ્તાર કર્યો.

વેદોમાં કહ્યું છે કે 'સર્વમ વિષ્ણુમયમ જગત.' આ સંપૂર્ણ જગત વિષ્ણુમય છે. એ યુક્તિને સત્ય કરવા ભગવાને પોતે અજન્મા હોવા છતાં પણ પોતાની શક્તિ દ્વારા અસંખ્ય જીવોના રૂપમાં પોતાનું વિસ્તરણ કરવા માંડ્યું. ભગવાન માટે આટલાં બાળકો અને વાછરડાઓના રૂપમાં વિસ્તાર કરવાનું કામ ખૂબ સામાન્ય હતું. એમણે પોતાનો વિસ્તાર જેટલાં બાળકો હતાં, તેમનાં જે રંગ, રૂપ, શરીરનો બાંધો, વસ્ત્રો, આભૂષણો, સ્વભાવ, નામ વગેરે હતાં બરાબર તે રીતે જ કર્યો. દરેક જીવોની અલગ અલગ રૂચિ, ગુણ, પ્રકૃતિ, અવસ્થા, આહાર-વિહાર, કાર્ય અને આચરણ વગેરે હોય છે છતાં પણ શ્રીકૃષ્ણે પોતાને બરાબર એ જ રીતે વિસ્તાર્યા કે તેઓ દરેક બાળકો અને વાછરડાઓ જેવા દેખાય. વિષ્ણુપુરાણમાં કહ્યું છે, 'પરસ્ય બ્રહ્મણઃ શક્તિઃ'. અર્થાત આ દ્રશ્ય જગતમાં આપણે જે કંઈ પણ જોઈએ છીએ ભલે તે જીવો હોય કે કોઈ પદાર્થ પરંતુ એ તમામ ભગવાનની શક્તિનો (એટલે કે યોગમાયાનો) વિસ્તાર છે, અભિવ્યક્તિ છે.

આ પ્રમાણે પોતાનો વિસ્તાર કરીને વિસ્તારિત કરેલા અને આ સ્વરૂપને કોઈ ઓળખી ન શકે તેવા પોતાના મિત્ર બાળકો અને વાછરડાઓ સાથે આત્મરૂપે ક્રીડા કરતા, જાણે કંઈ પણ બન્યું જ નથી તે રીતે તેઓ વૃંદાવનમાં આવ્યા. પરિસ્થિતિ એટલી હદે સામાન્ય બનાવી દીધી હતી કે નંદ અને યશોદા સહિત તમામ વ્રજવાસીઓને આ ઘટનાની જરા પણ ખબર પડી નહિ. વૃંદાવનમાં પ્રવેશીને તમામ વાછરડાઓ પોતપોતાના આશ્રય સ્થાનમાં અને બાળકો પોતપોતાના ઘરે તેમની માતાઓ પાસે પહોંચી ગયા.

જેવો એમનો વૃંદાવનમાં પ્રવેશ થયો કે તરત રાહ જોઈ રહેલી બાળકોની માતાઓ કે જેમણે તેમના આગમનરૂપી વાંસળીનો અવાજ સાંભળ્યો હતો, તેઓ બાળકોને લેવા માટે ઘરની બહાર આવી ગઈ. બાળકોને જોતાં જ તેમને વાત્સલ્યપૂર્ણ આલિંગન આપવા માંડી. વાત્સલ્યના કારણે તેમના સ્તનોમાંથી દૂધની ધારા વહેવા માંડી અને તેમણે પોતપોતાનાં બાળકોને સ્તનપાન કરાવ્યું. અહીં સુંદર હકીકત સમજીએ કે આ સ્તનપાન માતાઓ પોતપોતાના બાળકોને નહિ પરંતુ સ્વયં ભગવાનને કરાવી રહ્યાં હતાં. આમ આ વખતે ભગવાન શ્રીકૃષ્ણે ફક્ત યશોદામાતાને જ નહિ પરંતુ તમામ વયોવૃદ્ધ ગોપીકાઓને પણ સ્તનપાન દ્વારા દૂધ પીવડાવવાનો અદભુત અવસર આપ્યો. આ પણ એક અકલ્પનીય લીલા હતી.

> સર્વ પ્રાણીઓને ધન, પુત્ર, શરીર, ઇન્દ્રિયો અને પ્રાણ પર જે પ્રેમ હોય છે તેના કરતાં અધિક પ્રેમ આત્મા પર હોય છે. આ વાત શાસ્ત્રો ઉપરાંત અનુભવસિદ્ધ છે. ભગવાન શ્રીકૃષ્ણ સતત એક વર્ષ સુધી પોતાના આત્માને 'વત્સરૂપ' અને 'પાલકરૂપ' બનાવી, વત્સ અને પાલક પોતે બન્યા

તમામ બાળકો પોતપોતાની માતાઓ સાથે પૂર્વવત વ્યવહાર કરવા લાગ્યા અને માતાઓએ પણ સંધ્યા થઈ ત્યારે પોતપોતાનાં બાળકોને શરીર પર તેલ વગેરેનું મર્દન કરીને, નવડાવીને, કેસરી ચંદનનું લેપન કર્યું. આ ઉપરાંત તિલક લગાવીને તેમ જ આભૂષણોથી સજ્જ કરીને દિવસભર વાછરડાઓને ચરાવીને થાક્યા હોવાથી તેમના ભોજનની વ્યવસ્થા કરવા લાગી. એક સાહિત્યમાં એવી એક નોંધ મળે છે કે 'સંધ્યાકાળે ઉપરોક્ત સેવા કરવામાં જેટલો સમય લાગતો તેટલો સમય કાળ પણ સ્થિર રહેતો હતો કારણ કે કાળ પણ પ્રભુને વશ છે'. અહીં એક અન્ય અલૌકિક ઘટના પણ બની. આ બાળકો અને વાછરડાઓ પ્રમાણે જ વનમાં ચરવા ગયેલી ગાયો પણ સંધ્યા સમયે ચરીને પરત આવી અને તેઓ પણ પોતપોતાના વાછરડાઓનું શરીર વાત્સલ્યથી ચાટવા માંડી. ગાયો અને ગોપીઓનો પોતપોતાના વાછરડાઓ અને બાળકો પ્રત્યે આ સંબંધ પહેલાં કરતાં કંઈક વિશેષ રહ્યો. બીજા શબ્દોમાં સમજીએ તો આ જ ખરો બ્રહ્મસંબંધ હતો. (કાનમાં ફૂંકેલા મંત્ર જેવો નહિ). જો કે મૂળ વાછરડાઓ અને બાળકો ત્યાં નહોતાં છતાં પણ ગાયોનું વાછરડાઓ પ્રત્યે અને ગોપીકાઓનું પોતાનાં બાળકો પ્રત્યે આ વાત્સલ્ય અકારણ જ વધતું ગયું.

પહેલા વ્રજવાસીઓનો સ્નેહ અને વાત્સલ્ય ફક્ત બાળકૃષ્ણમાં હતાં પરંતુ હવે તમામ બાળકોમાં થઈ ગયાં. હકીકતમાં આ વાત્સલ્ય એમનાં સંતાનો પ્રત્યે નહિ પરંતુ શ્રીકૃષ્ણ માટે જ હતું. આ વાત્સલ્ય વધવાનું કારણ એ હતું કે આ પુત્રભાવ માયારૂપી સમજણથી રહિત હતો એટલે કે 'હું આનો પુત્ર છું અને આ મારી માતા છે' એવા મોહરહિત હતો. પ્રૌઢ ગોપ પણ પોતપોતાના પુત્રોને ગળે લગાવી પોતાના સ્નેહભર્યા ઉમંગને રોકી શકતા ન હતા.

સર્વ પ્રાણીઓને ધન, પુત્ર, શરીર, ઇન્દ્રિયો અને પ્રાણ પર જે પ્રેમ હોય છે તેના કરતાં અધિક પ્રેમ આત્મા પર હોય છે. આ વાત શાસ્ત્રો ઉપરાંત અનુભવસિદ્ધ છે. ભગવાન શ્રીકૃષ્ણ સતત એક વર્ષ સુધી પોતાના આત્માને 'વત્સરૂપ' અને 'પાલકરૂપ' બનાવી, વત્સ અને પાલક પોતે બન્યા. બાળકો અને વાછરડાઓના રૂપમાં વિસ્તારિત રાખ્યા અને તેમના ચારાગૃહ ઉપરાંત વનમાં પણ ઉપસ્થિત રહ્યા. આમ બે જગ્યાએ પોતાના સ્વરૂપથી એક વર્ષ સુધી ક્રીડા કરી.

> અધ્યાત્મ દર્શન
> અનુપ શાહ

ગીતાજીમાં કહ્યું છે કે શ્રીકૃષ્ણ દરેકના હૃદયમાં પરમાત્માના રૂપમાં રહે છે, અહીં પરમાત્માના રૂપ ઉપરાંત વાછરડાઓ અને બાળકોના રૂપમાં પોતાને વિસ્તારિત તો રાખ્યા, સાથે જ સઘળા વ્રજવાસીઓની પ્રેમરૂપી લતા પણ શ્રીકૃષ્ણરૂપી કલ્પવૃક્ષની ઉપર જ ખૂબ અધિક ચઢવા લાગી.

(ક્રમશઃ)